ગાંધીનગર સમાચાર



# લોકસાહિત્ય : આપણી મોંઘેરી તથા જાળવવા જેવી વિરાસત




લોકસાહિત્ય તથા લોકકળાના વિષયમાં તેમજ તેના વિકાસ અને સંવર્ધન બાબતમાં ઘણાં વર્ષોથી અનેક મહાનુભાવોએ વ્યાપક ખેડાણ કર્યું છે. લોકસાહિત્યના બળૂકા માધ્યમથી લોકોના રીતરિવાજ, પરંપરાઓ, ઉત્સવો તેમજ તેમની સમગ્ર અસ્મિતાના દર્શન થાય છે. કલકત્તામાં નોકરી માટે ગયેલા મેઘાણીભાઈ આ સાહિત્યના તીવ્ર આકર્ષણને કારણે ૧૯૨૧ માં સૌરાષ્ટ્રમાં આવ્યા અને લોકસાહિત્યના સંશોધનની અભૂતપૂર્વ કામગીરી કરી. તળના આ સાહિત્યની સુગંધને કારણેજ બંગાળના લોકગીતો તેમજ નાવિકોના ભાવગીતો એકઠા કરવાનું કાર્ય સચિનદેવ બર્મને પણ વર્ષો સુધી કર્યુ. બાઉલ ગીતોને ઉજાગર કરવામાં ક્ષિતિમોહન સેને પણ વણથાકી રઝળપાટ કરી. કવિગુરુ ટાગોર સુધી ક્ષિતિબાબુએ બાઉલ ગીતોનો ખજાનો પહોંચાડ્યો. મેઘાણીભાઈ ઉપરાંત સર્વશ્રી રતુભાઈ અદાણી, ડોલરરાય માંકડ, જયમલ્લભાઈ પરમાર, ગોકળદાસ રાયચુરા તથા રતુભાઈ રોહડિયા જેવા આ ક્ષેત્રમાં પડેલા મોટા ગજાના માનવીઓએ પણ પોતાની તમામ સમય તથા શક્તિ લગાવીને લોકસાહિત્યના પ્રચાર અને દસ્તાવેજીકરણના કામમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. સમર્થ કવિ અને વક્તા શ્રી દુલા કાગ, શ્રી મેરૂભા ગઢવી, શ્રી દુલેરાય કારાણી તથા શ્રી પિંગળશીભાઈ લીલા જેવા મમી લોકોએ દેશ અને દુનિયાના અનેક સ્થળોએ લોકસાહિત્યમાં રહેલા સત્વની વાતો કરી અને લોકોએ તેમની વાતોને ખૂબજ સ્નેહપૂર્વક વધાવી લીધી. શ્રી સુલેમાન જુમા અને શ્રી નાનજી મિસ્ત્રી જેવા કસબીઓએ તેમની કળાથી લોકસાહિત્યમાં આકર્ષક રંગો પૂર્યા. લોકો એ વાત સમજતા - સ્વીકારતા થયા કે આ સાહિત્ય એ આપણોજ અમૂલ્ય ખજાનો છે અને તેનું આકર્ષક આજે પણ એટલુંજ અકબંધછે. આપણાં નેક - ટેક અને ખમીરની વાતો આ સાહિત્યમાં સંઘરાયેલી છે. જે વર્ષો વીત્યા છતાં આજે પણ આપણને પ્રેરણા આપે છે.

લોકગીતોની તેમજ લગ્નગીતોની એક મોટી શક્તિ એ છે કે તેમાં પૂર્ણતઃ સમરસતાના ભાવ છે. આપણી સામાજિક સમરસતાનો તાણો-વાણો ગૂંથવામાં અને તેને સબળ બનાવવાના પુણ્યકાર્યમાં લોકગીતોનો સિંહફાળો છે. સૌરાષ્ટ્રમાં ગવાતા એક જાણીતા લગ્નગીતમાં કેવા નાજુકભાવ સંઘરાઈને પડ્યા છે તે ફરી સાંભળવા ગમે તેવા છે.

**ઊંભા રે ઊંચા દાદા ગઢ રે ચણાવ્યા**
**ગઢ રે સરીખા ગોખ મેલીયા,**
**ગઢ રે ચડીને બાઇનો દાદોજી જૂએ**
**કન્યા ગોરાને રાઇવર શામળા !**

નિર્દોષતા તથા સુંદરતા ધરાવતી વહાલી દિકરીને પરણવા આવતા વરરાજા શામળા હોવાથી તે બાબત દાદાની ચિંતાનો વિષય બને છે. પરંતુ દિકરીને તરતજ દાદાજીની આ ચિંતાનો ભાવ ધ્યાનમાં આવે છે અને તેનો કેવો ચતુરાઈથી ભરેલો જવાબ આપીને પોતાને પ્રિય એવા દાદાની ચિંતા દૂર કરવાનો પ્રયાસ કરે છે.

**એના ઓરતડા ન કરજો દાદા,**
**દ્વારકામાં રણછોડરાય શામળા !**

મેઘાણીભાઈએ સરસ લખ્યું છે કે આ ગીતોમાં લાવણ્ય ભારોભાર પડેલું છે. નીચેની પંક્તિઓમાં પણ આજ બાબતનો ભાવ અન્ય રીતે ઉઘડે છે.

**મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે,**
**કાં રે દાદાજી વર શામળો !**
**દાદાજી યુક્તિપૂર્વક વહાલી દિકરીને મનાવે છે.**
**છેટેથી આવ્યો રજે ભરાણો**
**રજનો ભરાણો રાયવર શામળો !**

આજે જ્યારે સામૂહિક માધ્યમો મારફત કેટલીકવાર અર્થહિન તથા વિકૃતિપૂર્ણ ગીતોનો મારો ચલાવાતો હોય તેવું લાગે ત્યારે આપણાં આ પરંપરાગત લોકગીતો તરફ અચૂક ધ્યાન જાય છે. માત્ર એ જૂનું છે માટે સારું છે તેવી વાત નથી. આ ગીતોમાં સંઘરાઈને પડેલા ભાવ તથા લોકજીવનના અભિન્ન તાણાંવાણાંની જેમ વણાયેલા પ્રસંગો - સમાજજીવનની સ્વાસ્થતા દર્શાવવા તેમજ તેને ટકાવી રાખવા માટે એક શાસ્વત મૂલ્ય ધરાવે છે તેની પ્રતિતિ થાય છે. લોકગીતોનો ઉષાકાળ તેજ સાહિત્યનો ઉષાકાળ છે તેવું રણજીતરામ વાવાભાઈનું વિધાન યથાર્થ છે.

# નૈતિક મૂલ્યો નેવે મૂકી રહેલા નેતાઓ

**તંત્રીસ્થાનેથી....**

વર્ષો પૂર્વે જયારે હજી મોહનદાસ કરમચંદ ગાંધી 'મહાત્મા' નું બિરુદ નહોતા પામ્યા ત્યારે એમને જળપ્રવાસ દરમિયાન લખેલ 'હિંદુ સ્વરાજ'માં સંસદ વિશે અને રાજકારણ વિશે કરેલ નિરીક્ષણો આજે એકસો સાત વર્ષ પછી પણ તદન પ્રાસંગિક બની રહ્યા છ. મોહનદાસ કરમચંદ ગાંધીએ સંસદને 'વેશ્યા' સાથે સરખાવી હતી. આજે સંસદીય પદ્ધતિની લોકશાહીમાં સત્તા પાછળ આંધળૂકિયાં કરતાં આપણા નેતાઓ કઈ હદે નીચે ઊતરી ગયા છે એનો નાદર નમૂનો બિહારની વિધાનસભાની ચાલી રહેલી ચૂંટણીમાં થઈ રહેલી ગસતી હલકી આક્ષેપબાજીમાં જોવા મળે છે. આઝાદી પછી તરત આવેલી ચૂંટણીાં આવી હલકી અને ગંદીગોબરી ગાળાગાળીને અવકાશ નહોતો. વિરોધ કરવાની ગરિમાપૂર્ણ પદ્ધતિ પણ હોઈ શકે, એ વાત જ આપણા વર્તમાન રાજનતાઓના ગળે ઊતરતી નથી. એ વધુમાં વધુ ગલીચ ભાષા વાપરીને સામા માણસને ઉતારી પાડવા આકાશપાતાળ એક કરતા રહે છે. એમાં લોકશાહીની હાંસી તો થાય જ છે, સાથે જ દુનિયા પણ આપણી વર્તમાન નેતાગીરીની અસલિયત જાણી જાય છે. શું આવા નેતાઓનો દેશ વિશ્વની મહાન લોકશાહી ગણાય? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોઢામાંથી વિરોધ પક્ષના આગેવાન માટે કોઈ સારો શબ્દ કયારેક નીકળ્યો હોય એવું સાંભળ્યું છે? બિહારના નીતીશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ કયારેક એકમેકના સહયોગી હતા - બેઉ બિહારની જે.પી. ચળવળનાં જ ફરજંદ છે. પાછળની એમનાં અંગત હિતો ટકરાતાં બેઉ સામસામા આવી ગયા હતા અને લાલુ યાદવના શાસન માટે 'જંગલરાજ' શબ્દપ્રયોગ ખુદ નીતીશ કુમારે કર્યો હતો. પરિસ્થિતિ પલટાતાં આજે બેઉ એકમેકના સમર્થક બન્યા છે કારણ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો વિજયરથ ફરતાં બેઉનું વજૂક ગત લોકસભાની ચૂંટણી વખતે હાંસિયે ધકેલાઈ ગયું હતું. હવે બિહારની ચૂંટણીએ દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે અને તેના જય-પરાજય દ્વારા મોદી-નીતીશ-લાલુના નવા ભાવ પડવાના છે. પોતાનું વજૂદ અકબંધ રાખવા અને ખોવાયેલા હેસિયત પુનઃ પ્રાપ્ત કરવા માટે ત્રણે નેતાઓ આકાશપાતાળ એક કરી રહ્યા છે. મોદી નીતીશના 'ડીએનએ' સુધી પહોંચી જાય છે અને લાલુ પ્રસાદ યાદવ માટે 'શેતાન' જેવા શબ્દો વાપરે છે. સામે નીતીશ અને લાલુ મોદીને 'બ્રહ્મપિશાચ' જેવા શબ્દોથી નવાજે છે, એમને જાદુગર કહે છે, મોદી સામે તાંત્રિકોના શરણે ગયેલા નીતીશને ઘરઆંગણે લાલુ યાદવ આગળ ન નીકળી જાય, એની ચિંતા છે. 'લોક-તંત્ર' શબ્દનો શ્લેષ કરીને મોદી બેઉ બિહારીઓ એકમેકની ચોટી મંતરવા મથતા હોવાની ભદ્દી મજાક કરતા ફરે છે. આ બધામાં સૌથી મોટું તહોમત 'પ્રધાનમંત્રી'ને 'પ્રચારમંત્રી' કહેવા તે જ ગણાશે. બિહારી બાબુ નીતીશકુમારે વડાપ્રધાનને આ નવા ખિતાબની નવાજેશ કરી છે!

# અમને ચારું જેવી સંસ્કારી, સુશીલ તેમજ સેવાભાવી વહુની જ જરુર છે તે હવે તમારી નથી રહી... અમને અણધાર્યો 'લક્ષ્મીયોગ' થયાનો આનંદ છે




**લક્ષ્મીયોગ**

શેઠ જમનાદાસ, પત્ની જાનકી તેમજ પુત્ર જયંત વેરાવળથી પાછા ફરી રહ્યા છે, વચ્ચે મોટરનું ટાયર ફાટતાં ગાડીને અધવચ્ચે ઉભી રાખવી પડે છે. ડ્રાઈવરની ચપળતાને લીધે મોટો અકસ્માત થતાં રહી ગયો. સ્પેર વ્હીલ હોવાથી, ડ્રાઈવર વ્હીલ ફીટ કરવાની કામગીરી કરે છે. તે માટેના સાધનો જેક વિગેરે કાઢે છે. પરંતુ પાનું મળતું ન હોવાથી, સ્પેર વ્હીલ ફીટ કરી શકાશે નહી. આવી જ બીજી કોઈ ગાડી આવે, તેમની પાસેથી સાધન મળે પછી જ ગાડી ચાલુ થાય તેમ છે તેવું ડ્રાઈવરે જણાવ્યું. આમા ખાસ્સો સમય જાય તેમ લાગતા, ત્યાં સુધી શું કરવું તે શેઠ વિચારવા લાગ્યા. ઉનાળાનો સમય અને અગિયાર વાગી ગયા હતા, બીજી તરફ સૂર્યનારાયણ તેમની ચરમસીમાએ હતા.

બહાર લાંબો સમય સુધી રસ્તા ઊપર ઊભા રહી શકાય તેમ નથી. તેથી સેઠ આજુબાજુ જોવા લાગ્યા. થોડેક દૂર એક બેઠા ઘાટનું નાનું એવું મકાન દેખાયું, ત્યાં જવાનું નક્કી થતાં ત્રણ જણા ચાલવા લાગ્યા. કોઈ દિવસ આટલું ચાલ્યા નથી તેથી શેઠ, શેઠાણી અને પુત્રને પરસેવો છૂટી ગયો. મહામહેનતે ઘરે પહોંચ્યા. શેઠે બારણું ખખડાવતાં, અજાણ્યા મહેમાનો આવ્યા છે તેવો સાદ કર્યો. અંદરથી સર્વપ્રથમ ખાંસીનો અવાજ આવ્યો અને પછી જો તો 'ચારુ' દીકરી કોઈ આવ્યું લાગે છે તેવો અવાજ સંભળાયો.

બારણું ખોલતાં જ શેઠની સમક્ષ એક નાજુક, નમણી તેમજ યુવાન વીસેક વર્ષની યુવતી દેખાણી, ફરીથી ખાંસીનો અવાજ આવ્યો અને તેની સાથે 'ચારુ' જે કોઈ હોય તેને અંદર લઈ આવ, બહાર ખૂબ જ ગરમી છે? શેઠ, શેઠાણી તથા પુત્ર અંદર આવે છે. અંદર આવ્યા પછી શેઠે નિરીક્ષણ કરતાં જોયું કે આગળનો નાનો રૂમ તેની સામે ખાચામાં નાનું એવું રસોડું, ખીલીએ ધોતીયું - સદરો ટીંગાડેલા હતા. હાજુમાં નાનું લોખંડનું કબાટ. આમ નિરીક્ષણ કરતાં, ખાંસીનો અવાજ ફરીથી આવે છે અને ત્યાર પછી ખાટલામાં બેઠેલાં, અકાળે વૃદ્ધ થયેલા એવા વડીલ શરુ કરે છે કે આ મારી 'ચારુ' નાની હતી ત્યારે તેણે મા ગુમાવી છે અને મારી પાસે મોટી થઈ છે અને... વાક્ય પુરું કરે તે પહેલાં તો ચારુએ કહ્યું કે, 'બાપુ તમે બધાની પાસે આ રેકર્ડ વગાડો છો. તે હવે બંધ કરો અને આવેલ મહેમાન ભૂખ્યા હશે તેની રસોઈ બનાવી લઉ.' વડીલે ફરીથી શરુ કર્યું કે મારું નામ વ્રજલાલ પંડ્યા છે સામે દેખાય છે તે મંદિર અપૂજ રહેલું હતું તેથી તેની પૂજા કરવાનું કામ મને સોંપવામાં આવ્યું છે મહિને પાંચશો રૂપિયા આપે છે અને રહેવા માટે ઘર છે. મારી ચારુએ નાનપણથી જ ઘરનું કામકાજ ઉપાડી લીધું છે. તેથી તમે જો જો થોડીવારમાં જ તે ભાખરી-શાખ બનાવી લેશે.

થોડા સમય પછી રસોઈ તૈયારી થતાં, ત્રણે જમવા બેસે છે. શેઠને આજે જમવામાં ખૂબ જ મઝા આવી તેથી બાજુમાં બેઠેલાં તેમના ધર્મપત્નીને કહે છે કે, આપણે ઘરે ત્રણે ત્રણ જણા રસોઈ કરે છે પરંતુ આવી સ્વાદિષ્ટ રસોઈ બનતી નથી, ખરેખર આજે જમવામાં ખૂબ જ મજા આવી.

આમ લગભગ ત્રણ ચાર કલાકનો સમય પસાર થયો હશે અને વડીલે શરુ કર્યું કે મારી 'ચારુ' ભણવામાં ખૂબ હોંશિયાર છે. શહેરમાં હોત તો તેની કિંમત થાત, પરંતુ અહીં બાજુની સ્કૂલમાં ભણી અને દરેક વર્ષે અવ્વલ નંબર મેળવતી. પી.ટી.સી. પસાર કર્યા પછી, બાજુના ગામમાં શિક્ષીકા તરીકે નોકરી કરે છે. હવે તે પરણવા લાયક થઈ છે તેથી તેના મુરતીયાની શોધમાં છું પરંતુ તેને લાયક કોઈ મળતો નથી, જેવી ભગવાનની ઈચ્છા. આમ વાતચીત ચાલતી હતી ત્યાં ડ્રાઈવરે આવી સમાચાર આપ્યા કે ગાડી તૈયાર થઈ ગઈ છે વડીલે કહ્યું કે એમ રાતનું વાળું કર્યા સિવાય જવાય નહિ, ત્યારે શેઠે કહ્યું કે ધન્ય છે ભુદેવ તમને? મેં જમતાં જમતાં નોંધ્યું કે તમારી ચારુ લોટના ડબ્બા ફંગોળતી હતી. બે ટંક ચાલે તેટલાં દાણા-પાણી છે અને અમને વાળું કરીને જવાનું કહો છો? તો આભાર. મારી ઓળખાણ આપતાં જણાવ્યું કે ભાવનગરનો હું વેપારી છું, મારે ઘરે બંગલો, મોટરકાર તથા માણસો કામ કરે છે અમે સામાજીક કામ એટલે પુત્ર માટે કન્યા જોવા નીકળ્યા હતા. ચાર-ચાર કન્યા જોઈ પરંતુ અમારું મન ઠર્યુ નહી. અમારી પસંદગી હવે તમારી 'ચારુ' ઉપર ઉતરે છે જો આપને માન્ય હોય તો?

આ સાંભળી, વડીલ ગળગળા થતાં 'શું કહ્યું મારી ચારુ તમને પસંદ છે?' શું હું સાચું સાંભળું છું? મારી ચારુના ભાગ્ય ખુલ્લી ગયા. બેટા ચારુ કયાં છે તું?

શેઠ ફરીથી કહેછે કે અમને ચારું જેવી સંસ્કારી, સુશીલ તેમજ સેવાભાવી વહુની જ જરુર છે તે હવે તમારી નથી રહી પરંતુ અમને અણધાર્યો 'લક્ષ્મીયોગ' થયાનો આનંદ છે.

# 'સુનો! યહીં કહીં આંધી કે પાંવ બજતે હૈં, અભી બિખરના મુનાસિબ નહીં, સિમટ જાઓ'




માણસ સુખ પાછળ દોડે છે અને સુખ આગળ ને આગળ ભાગે છે. વણમાગ્યું દુઃખ સામેથી આવીને મળે છે, એવું કેમ થાય છે? દુઃખની જેમ સુખ કેમ સામે ચાલીને મળતું નથી? સુખ શોધવા માટેની દિશા ખોટી હોય છે? આવડત ઓછી હશે? પુરુષાર્થમાં ઊણપ હોય છે? પ્રારબ્ધ કમજોર હોય છે? સુખ ન મળે એટલે દુઃખ જ મળે? બીજું કાંઈ નહીં? જે સુખી છે તે દિનપ્રતિદિન વધુ ને વધુ સુખી થતો જાય છે. દુઃખી છે તે દુઃખી જ થયા કરે છે. આ બધું યંત્રવત્ ચાલ્યા કરે છે કે કોક એનું સંચાલન કરે છે? કોઈ સંચાલન કરે છે? કુદરત સિવાય બીજું કોણ હોય?ઉપરવાળો આવો પક્ષપાત કરે ખરો! આમ તો જગતમાં જાણીતું છે કે ઉપરવાળો ગરીબનો બેલી છે. સ્પષ્ટ રીતે સમજાય એવું નથી. ઉપરવાળો ગરીબનો બેલી છે કે ઉપરવાળો જેનો બેલી હોય એ ગરીબ જ હોય! તો સુખી માણસનો બેલી કોણ? સુખીને સમૃદ્ધ કરવો અને ગરીબના બેલી થવું, આ બે વાતો એકસાથે સમજવી મુશ્કેલ હોય છે!

સુખી થવું હોય તો સ્વપ્નદૃષ્ટા બનો. કોઈ એકાદ ઉદ્યોગપતિનું સ્વપ્ન સાકાર થયું એમાં તો સમગ્ર સમાજને સ્વપ્ન જોવાની સલાહ આપવા મંડી પડયા. જાણે કે એમના સિવાય અન્ય કોઈ સ્વપ્નદૃષ્ટા જ નથી. ભલા માણસ! બધા જ સ્વપ્ન જુએ છે. બધાનાં સ્વપ્નો સાકાર ક્યાં થાય છે? સ્વપ્ન જોઈ જોઈને પેલો શેખચલ્લી મૂર્ખાઓમાં ખપી ગયો. મુંગેરીલાલની મશ્કરી થવા માંડી છે, પણ શેખચલ્લી કે મુંગેરીલાલ, બંનેમાંથી કોઈનાય સ્વપ્ન સાકાર ક્યાં થયાં? અને સ્વપ્નું કોણ નથી જોતું? જેણે જગતનાં મોહમાયાનો ત્યાગ કર્યો છે એવા સંન્યાસીસાધુને પણ સ્વપ્નો આવે છે અને સ્વપ્નુંય કેવું? ગરીબના સ્વપ્નમાં કદાચ રોટલો હોય તો હોય, પરંતુ સાધુસંન્યાસીનાં સ્વપ્નોમાં તો સો ટચનું સોનું જ ઝગારા મારતું હોય છે. એ સોનુંય પાછું એકબે લગડી નહીં, આખો ખજાનો જ સ્વપ્નમાં આવે છે અને હિંમતપૂર્વક ખોદવાનો આદેશ પણ આપે છે. ઘરપરિવાર અને સંસારનો ત્યાગ કરનાર સાધુસંન્યાસીને સોનાના ખજાનાનાં સપનાં કેમ આવતાં હશે?

તમારી પાસે એક દૃષ્ટિ છે, એક વિઝન છે. આ વિઝ્યુલાઈઝેશન જ તમને એક સ્વપ્ન ઉપજાવી આપે છે. એ સ્વપ્ન તમને તમારું લક્ષ્ય દેખાડે છે. અહીં સ્વપ્નનું કામ પૂરું થાય છે. લક્ષ્ય સિદ્ધ કરવાનું કામ તમારે કરવાનું છે. સ્વપ્ને લક્ષ્ય દેખાડી દીધું હવે લક્ષ્ય અને તમારી વચ્ચે જે અંતર છે એ અંતર કાપીને લક્ષ્ય સુધી પહોંચવાનું છે ને એમાં સ્વપ્નું તમારી આંગળી ઝાલશે નહીં, લક્ષ્ય તમે જોઈ લીધું છે. એના પર સીધી લીટીએ ચાલવાનું છે. આડાઅવળા ફંટાશો તો તમારી અને લક્ષ્ય વચ્ચેનું અંતર વધી જશે. કદાચ ભૂલા પડી જવાની શક્યતા પણ ખરી. એમાં રસ્તો પણ ગુમાવશો અને લક્ષ્ય પણ ગુમાવશો. ઊંઘમાં આવતાં સ્વપ્નો રોજ તૂટે છે ને છતાં રોજ સવારે માણસ સહીસલામત જીવતો ઊભો થાય છે. પણ જાગતી આંખનું સ્વપ્ન તૂટતાં માણસ ભાંગી પડે છે અને ક્યારેક ફરી ઊભા થવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. ઊંઘમાં આવતું સ્વપ્નું સંકીર્ણ હોય છે અને તમારા પૂરતું સીમિત હોય છે. જાગતી આંખનાં સ્વપ્નોને સંકીર્ણતા શોષવી નાખે છે! એનું વિકેન્દ્રીકરણ કરો તો જ એ સાકાર થાય છે. વિકેન્દ્રીકરણમાં એક આખી ટીમનો સમાવેશ થાય છે. પછી 'હું' માંથી 'આપણે' બને છે. હું કરું છું, તેને બદલે આપણે કરીએ છીએ એવું બોલવાની ટેવ પાડવી પડેછે. આવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અલ્ટિમેટલી તો ટીમવર્ક પર જ નિર્ભર હોય છે અને ટીમવર્ક મોરલ સપોર્ટ પર નિર્ભર હોય છે, પણ 'હું' ને ઘરે મૂકીને આવો તો જ એ શક્ય બને.

ટીમવર્ક વેપારઉદ્યોગ પૂરતું જ આવશ્યક નથી. જીવનનાં બધાં જ ક્ષેત્રે ટીમવર્કની આવશ્કતા છે. 'હું' મિથ્યા છે. હું પદથી ઘમંડ પજે ને ઘમંડથી સીધાં સરળ કાર્યો પણ ખોરંભાતાં હોય છે. તમારાં ઘરપરિવારમાં પણ હું પદ નુકસાનકારક છે. હું પદ સાથી કાર્યકરને મળતો યશ આંચકી લે છે જેથી સાથીદાર હતાશ થાય છે. એ હતાશ થાય તો કાર્યનું ખોરંભે પડવું સ્વાભાવિક છે. તમારું પોતાનું ઘર પણ ટીમવર્ક પર જ ચાલતું હોય છે. તમે તો ધંધાર્થે સવારથી જ ઘરની બહાર નીકળી જતા હોવ છો. એ પછી તમારું ઘર આખો દિવસ તમારી પત્ની સંભાળતી હોય છે. રસોઈ કરે છે, બાળકોનાં હોમવર્ક પર ધ્યાન આપે છે. નવડાવી ધોવડાવી, તૈયાર કરીને સ્કૂલે મોકલે છે, સ્કૂલબેગમાં લંચબોક્સ મૂકવાનું નથી ભૂલતી. લંચબોક્સમાં રોજ એક નવી આઈટમ મૂકવાની નીતિ એના માટે પળોજણ ઊભી કરે છે. રસોઈમાં પણ રોજની રામાયણ હોય છે. આજે શેનું શાક કરવાનું એ પ્રશ્ન એના માટે એટલો મહત્ત્વનો હોય છે કે તમારા એજન્ડામાં પણ સમાવી શકાતો નથી.

**ઊંઘમાં આવતાં સ્વપ્નો રોજ તૂટે છે ને છતાં રોજ સવારે માણસ સહીસલામત જીવતો ઊભો થાય છે પણ જાગતી આંખનું સ્વપ્ન તૂટતાં માણસ ભાંગી પડે છે**

સાંજે તમે ઘરે આવો તો થાક ખંખેરીને સ્મિતભેર તમારું સ્વાગત કરવાનું. તમે મોંહાથ ધોતાં હો ત્યારે નેપ્કિન લઈને તમારી પાછળ ઊભા રહેવાનું અને પછી આદું વાળી ચા બનાવીને તમને પીવડાવવાની. તમે ચા પીતા હો ત્યારે વાહ! સરસ ચા બની છે એવું તમારા મોઢે સાંભળવા કાન સરવા કરી એ તમારી સામે બેસી રહે અને તમે વાહ! કહેવાનું ચૂકી જાવ છો ત્યારે એની લાગણી ઘવાય છે. એની દરકાર કરવાનું તમને જરૂરી લાગતું નથી, કારણ કે તમારાં ઓફિસનાં કામો આગળ ઘરનાં આ બધાં કામો તમને તુચ્છ લાગતાં હોય છે. ઘરકામ એ તે કંઈ કામ કહેવાય? પત્ની પણ તમારી જેમ નોકરી અથવા વ્યવસાય કરતી હોય તો પણ એ ઘરપરિવાર માટે ટીમવર્ક જ ગણાય. બાળકો હોમવર્ક કરે એ પણ ટીમવર્ક છે. એટલે જ હુંપદ મિથ્યા છે.

ગામડાની નાનકડી ભજનમંડળી પણ ટીમવર્ક વિના તંબૂરો ના વગાડી શકે. યુવકમંડળ હોય કે મહિલામંડળ જેવી સંસ્થાઓ ટીમવર્ક પર ચાલે છે. આપણા દેશની આઝાદી પણ ટીમવર્કની જ ફલશ્રુતિ છે. રાજકીય પક્ષો પણ ટીમવર્કથી શોભે છે. સામાજિક કે રાજકીય સંસ્થાઓમાં સંસ્થાનું હિત જોવાને બદલે વ્યક્તિગત હિત પર ધ્યાન કેન્દ્રિત થાય છે ત્યારે ટીમવર્કને લૂણો લાગે છે. શક્તિશાળી સંસ્થા પણ જતે દા'ડે નબળી પડી જતી હોય છે. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા ધરાવતા સભ્યો' આમાં મારું શું' એવું જ વિચારતા હોય છે. સંસ્થાનું શું થશે, એવું વિચારતા નથી. પરિણામે સંસ્થા તૂટે છે અને એ પોતે પણ રસ્તા પર રઝળતો થઈ જાય છે. કોઈ એનો આદરભાવ કરતું નથી. માણસ સંસ્થાથી શોભે છે. સંસ્થા બહાર ફેંકાઈ ગયેલાને બીજે આવકાર મળતો નથી. આવકાર મળે તો પહેલાં જેવો આદર મળતો નથી. સંસ્થામાં બધા જ ખુરશીભૂખ્યા હોય ત્યાં વ્યવસ્થા કથળે છે. બધા મંચ પર બિરાજમાન થનાર હોય ત્યારે જાજમ પાથરનારું કોઈ હોતું નથી. આવું થાય ત્યાં સંસ્થાને ટીમવર્કનો અભાવ વેઠવો પડે છે. આવો અભાવ

અનુસંધાન પાના નં. ૭ પર

# આપણા હૃદયમાં સામેની વ્યક્તિ માટે શુભ ભાવના હોય - સહજ સંવેદના હોય, પોઝીટીવીટીનો પ્રવાહ હોય અને પ્રેમાળ અભિવ્યક્તિ હોય તો એ સામેના પાત્રના હૃદય સુધી પહોંચે જ છે




'હવે શું કહીશું નેહુલ?'

મોડી રાત્રે ચિંતિત સ્વરે બીનાએ એના પતિને પુછ્યું.

'ખબર નહિં, ચિંતા તો મને પણ છે.'

'આપણે આટલી બધી શુભ ભાવના સાથે આ કાર્ય નક્કી કર્યું અને... બીનાની વાતને ત્યાં જ અટકાવીને નેહુલે કહ્યું.' બસ, આપણી શુભ લાગણી પર ભરોસો રાખીને હવે એક-બે કલાક સુઇ જા. ભગવાન કાલે બધું સારું જ કરશે. 'નેહુલે એને આશ્વાસન આપ્યું અને ચિંતા તથા ભરોસાની આછી આછી લ્હેરખીના માનસિક સ્પર્શને અનુભવતા બંને ઝોકે ચઢી ગયા.'

અમદાવાદના ગર્ભશ્રીમંત પરિવારની દીકરી બીનાનો ઉછેર તેની બહેન નીના સાથે સાંસ્કૃતિક વાતાવરણમાં થયો હતો. ગાયન ખુબ ગમે, સંગીતની તાલીમ પણ લીધી અને કારકિર્દી બનાવી એક સફળ શાસ્ત્રીય નૃત્ય કલાકાર તરીકે કૉલેજકાળથી નૃત્યના કાર્યક્રમોમાં ભાગ લેતી બીનાએ એના ગુરુના આશીર્વાદ સાથે દેશ-વિદેશમાં કાર્યક્રમો આપવાનું શરુ કર્યુ. સ્વભાવે સરળ પણ દૂધનું દૂધ અને પાણીનું પાણી ત્યાં જ પુરવાર કરવાના સ્વભાવવાળી પટેલ પરિવારની આ દીકરી એના મનનનો માણીગર મળી ગયો નેહુલ રુપે.

વ્યવસાયે સફળ આર્કિટેક્ટ અને ડીઝાઈનર એવા નેહુલને ફોટોગ્રાફીનો જબરો શોખ. શિલ્પ અને સ્થાપત્યના હેરીટેજ સ્થળો હોય કે ઉત્સવો અને મેળાઓ શોખના કારણે કેમેરાની આંખે એ પોતાની રીતે જીંદદીને માણી લેવાનું શીખી ખયો હતો. બીના સાથે નેહુલના લગ્ન થયા અને સારા નસીબે નેહુલના પરમ મિત્ર જીગીષ સાથે બીનાની બહેન નીનાના પણ લગ્ન ગોઠવાયા. આમ સમાન રસ-રૂચિ ધરાવતા સ્વજનો સાથે સચવાયા.

અમદાવાદમાં નેહુલે જોશ-જુસ્સા અને જવાબદારી સાથે માર્બલની ફેકટરી શરુ કરી. વિવિધ પ્રકારના આરસપ્રહાણના પથ્થરો આવે, જરૂરીયાત અને માંગ મુજબ એના પર કાર્વીંગ થાય અને ઘરમાં - મંદિરમાં કે વ્યાપારના સ્થળે આ માર્બલ શોભા અને ગરવાઈનું પ્રતિક બની રહે. શાંત હસમુખા અને મિલનસાર સ્વભાવના નેહુલના સ્વભાવની એક વિશેષતા એ હતી કે પ્રેમ વહેંચતો રહેતો હતો. બની શકે ત્યાં સુધી કોઈને મદદરુપ થવું એ એનો ગુણ હતો. અને બીના પણ એના આ ગુણમાં ભળીને સામેની સ્વજનો-મિત્રોની નાની નાની સંભાળ લઈ એને રાજી રાખવામાં રાજીપો અનુભવતી હતી. એમની ફેકટરીના કર્મચારીઓ માટે પણ એમનું આ જ વલણ હતું.

ફેકટરીમાં હકારાત્મક વાતાવરણ હોવાને કારણે કોઈ પ્રશ્નો ઊભા થયા ન હતા, પરંતુ છેલ્લા મહિનાઓમાં એમની ફેકટરીના કર્મચારીઓ યુનિયન પ્રવૃત્તિ અને પગાર વધારાની માંગણીઓ સાથે રજૂઆતો કરતા રહ્યા હતા. નેહુલે કહ્યું હતું કા 'તમારી વાજબી અને સાચી વાત હંમેશને જેમ હું સ્વીકારીશ જ. પણ હમણાં ધંધામાં પણ મંદી છે અમે થોડો સમય સાચવી લો....' કોઈ જવાબ કર્મચારીઓ તરફથી ન હતો.

નેહુલે ફેકટરીમાં યજ્ઞ અને પૂજાનું આયોજન કર્યુ હતું. સહુને નિમંત્રણ અપાઈ ગયા હતા. પૂજા-યજ્ઞ-ભોજન વગેરેની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી અને સાંજે સમાચાર મળ્યા હતા કે આવતીકાલે પૂજાવિધિ સમયે જ થોડા કર્મચારીઓ વિરોધ કરીને ફેકટરી છોડી જવાની સંભાવના છે, એટલે મોડી રાત્રી સુધીની સમજાવટ ચાલી હતી અને આખરે ઉચાટ સાથે - ચિંતાના વાતાવરણમાં બીના અને નેહુલ વચ્ચે સંવાદ થયો હતો. નહેલુ અને બીનાને પોતાની સચ્ચાઈ અને પોઝિટીવીટી પર ભરોસો હતો.

બીજા દિવસે પૂજા પૂરી થઈ.... નેહુલ મિત્રોને મળવામાં બીઝી હતો ત્યાં થોડા કર્મચારીઓ મળવા આવ્યા - એમની માગણી મુકી, નેહુલે કહ્યું કે, 'એક કામ કરો, તમને મારા પર ભરોસો હોય તો ફેકટરીમાં ચાલુ રહો, અન્યથા તમારે જવું જ હોય તો હું રોકીશ નહિ, પણ જતા જતા મારી આ ઓફિસની દિવાલ પર તમારા હાથથી છાપ મુકતા જાવ... જેથી મને સતત સ્મરણ રહે કે હું જે કાં છું એની સફલતાના મૂળમાં મારા આ કર્મચારીઓ હતા.' નેહુલની આ લાગણીસભર રજૂઆતથી કર્મચારીઓના હૃદય પીગળ્યા. એમની જીદ પડતી મુકી, નેહુલ પર ભરોસો અખંડ રાખ્યો અને સહુએ એકી અવાજે ખાતરી આપી કે 'અમે તમારી કંપનીમાં જ રહીશું. અને સુખ-દુઃખના ભાગીદાર બનીશું.'

વાત સાંભળીને બીના-નેહુલની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. પોતાની ભાવના સાચી હતી. કોઈનું શોષણ કરવું જ ન હતું એ ભાવ સામા પક્ષે સમજાવવાનો આનંદ હતો અને એ ઢળતી સાંજે યજ્ઞની પ્રસાદી રુપે વહેંચાયેલા ભોજનના પ્રસાદની સાથે સાથે પ્રેમ-સમજદારી અને હકારાત્મકતા પણ સુગંધ રુપે સહુને સભર કરી ગઈ.



તાજેતરમાં 'સ્ટાર પ્લસ' ચેનલ પર શરુ થયેલા પરમ પ્રિય અભિનેતા અમિતાભ બચ્ચના શો 'આજ કી રાત હે જીંદગી' જોતા જોતા આ ઘટનાનું સ્મરણ થયું. આ શોમાં અમિતાભ જરા જુદા સ્વરુપ અને સંદર્ભ સાથે શૉ માં આવેલા અતિથિઓને પોતાના હાથના થાપા દિવાલ પર મારી સ્મરણ મુક્તા જવાનું કહે છે.

આપણે ત્યાં સાસરે વિદાય થતી દીકરી પણ કંકુમાં હાથ બોળીને ઘરની દિવાલ પર થાપા મારી મનોમન પ્રાર્થના કરે છે કે તે જે ઘર છોડીને જઈ રહી છે ત્યાં સુખ-શાંતિ રહે.

અહીં પ્રસ્તુત ઘટનામાં નેહુલના હૃદયમાં એના કર્મચારીઓ માટેની શુભ ભાવના અને દિલની સચ્ચાઈ હતી. જે આખરે સામેના પક્ષના હૃદય પરિવર્તનનું કારણ બની.

આપણા હૃદયમાં સામેની વ્યક્તિ માટે શુભ ભાવના હોય - સહજ સંવેદના હોય, પોઝીટીવીટીનો પ્રવાહ હોય અને પ્રેમાળ અભિવ્યક્તિ હોય તો એ સામેના પાત્રના હૃદય સુધી પહોંચે જ છે. દુનિયાદારી એમ કહે છે કે (Power) એટલે કે સત્તાથી બધું ધાર્યું કામ થાય, પરંતુ એની સામે એક સત્ય એ પણ છે કે જયાં પ્રેમથી કામ થતું હોય ત્યાં (Power) ની જરુર જ શા માટે હોય? (Power)થી ઓર્ડરથી કે કાવાદાવાથી કોઈને કાબુમાં જરુર રાખી શકાય પણ હસતા ચહેરાથી અને વિવેકપૂર્ણ ભાષાથી સામેની વ્યક્તિના દિલ સુધી પહોંચી શકાય છે એ વાત પણ એટલી જ વાસ્તવિક છે. રોજિંદા જીવનમાં આ પ્રકારની અનુભૂતિના કોડીયાનો પ્રકાશ પથરાય ત્યારે આસપાસ અજવાળા પથરાય છે.

**તેજપૂંજ :** પાવર (Power) માણસને સફળ બનાવે છે અને પ્રેમ (Love) માણસને સાર્થક બનાવે છે.